| | | | |
|---|---|---|---|
| <?xml version="1.0" ?> | | | |
| <?xml-stylesheet type="text/css" href="home.css"?> | | | |
| <Doc id="guj-w-media- | GJ00004 | " | lang="Gujarati”> |
| <Header type="text"> | | | |
| <encodingDesc> | | | |
| <projectDesc> | CIIL-Gujarati Corpora, Monolingual Written Text | | </projectDesc> |
| <samplingDesc> | Simple written text only has been transcribed. Diagrams, pictures, tables and verses have been omitted. Samples taken from page 9-10, 20, 30, 40, 50, 60, 70-71, 80-81, 90-91, 100, 111, 120, 130-131, 140 | | </samplingDesc> |
| </encodingDesc> | | | |
| <sourceDesc><br><biblStruct><br><source> | | Smt. Hansa Mehta Lib.MSU.Baroda | |
| | <category> | Aesthetics | </category> |
| | <subcategory> | Literature- Social Sciences | </subcategory> |
| | <text> | Book | </text> |
| | <title> | ApaNI pragatinA mArgadarshakO | </title> |
| | <vol> | | </vol> |
| | <issue> | | </issue> |
| </source> | | | |
| <textDes> | | | |
| | <type> | Book | </type> |
| | <headline> | | </headline> |
| | <author> | E. pI. jE abdula kalAma, aruNa kE. tivArI | </author> |
| | <translator> | sudhA mahEtA | </translator> |
| | <words> | 3369 | </words> |
| </textDes> | | | |
| <imprint> | | | |
| | <pubPlace> | Ahmedabad | </pubPlace> |
| | <publisher> | Ara. Ara. shEThanI kaMpanI | </publisher> |
| | <pubDate> | | </pubDate> |
| </imprint> | | | |
| <idno type="CIIL code"> | | BJ 15588 G8 A2A2 | </idno> |
| <index> | | GJ00004 | </index> |
| </biblStruct><br></sourceDesc> | | | |
| <profileDesc><br><creation> | | | |
| | <date> | 30-May-2009 | </date> |
| | <inputter> | Manisha | </inputter> |
| | <proof> | Hiren, Moti | </proof> |
| </creation> | | | |
| <langUsage> | | Gujarati | </langUsage> |
| <wsdUsage> | | | |
| <writingSystem id="ISO/IEC 10646">Universal Multiple-Octet Coded Character Set (UCS).<br></writingSystem> | | | |
| </wsdUsage> | | | |
| <textClass> | | | |
| <channel mode="w"> | | print | </channel> |
| <domain type="public"> | | | </domain> |
| </textClass><br></profileDesc> | | | |

| | | |
|---|---|---|
| </Header> | | |
| <text><body> | | |
| <p> | **અરુણ :** આ વિકાસનો હેતુ શું છે? | </p> |
| <p> | **ડૉ કલામ** : ઘણા રહસ્યવાદીઓ આ જગતને વિવિધ વિષયો અને પાત્રો ધરાવતા રંગમંચ (થિયેટર)ની ઉપમા આવે છે. જીવનના હેતુને એ રીતે જોઈ શકાય કે કેટલાક પાઠો પૂરા પાડવા જેમાં આત્મા નિરીક્ષક હોય. આત્મા પાસેથી અપેક્ષા રખાય છે કે તે વાસ્તવિકતાનાં વિવિધ સૂક્ષ્મ પરિમાણોમાં તફાવત કરી શકશે. અને આ ભૂમિમાં ભળી જઈને પોતાને વધુ સમૃદ્ધ કરશે. | </p> |
| <p> | **અરુણ :** શું આપણે આ પ્રક્રિયાને પરિવર્તન કહી શકીએ? | </p> |
| <p> | **ડૉ કલામ :** કદાચ ‘પ્રગટીકરણ’ કે ખીલવું જેવો શબ્દ વધુ બંધ બેસે. આત્માના ખીલવાથી એક માનવ કેવળ સૂક્ષ્મ વિભાગ (માઈક્રોકોઝમ) અને વાસ્તવિકતાનું પ્રતિબિંબ જ બની નથી રહેતો, બલ્કે તેનો પ્રતિનિધિ, અંગે  અને સેવક પણ બને છે આખરે, વાસ્તવિકતા ઉપર પણ કામ તો કરવું જ પડે છે. એ જ તો મૂળ સમજૂતી છે. | </p> |
| <p> | **અરુણ :** ‘માણસ, પ્રભુનો પ્રતિનિધિ, અંગ અને સેવક’ - આ એક પવિત્ર વિચાર છે. | </p> |
| <p> | **ડૉ કલામ :** મારી બોધાવસ્થાનું મે જે આતંરિક રૂપાંતર અનુભવ્યું  હોય તેનો તમે આને એક આવિર્ભાવ કહી શકો. | </p> |
| <p> | **અરુણ :** તમારી આ નમ્રતા મને હમેંશા સ્પર્શી જાય છે. | </p> |
| <p> | **ડૉ કલામ :** બીજું શું? શું એવું કંઈ છે જેનાં આપણે બણગાં ફૂંકીએ? એક વ્યક્તિ તરીકે તમે કેટલાક પ્રશ્નો કરો છો, જેના ઉત્તરો આપવાનો હું પ્રયાસ કરું છે. તમે એમ કઈ રીતે કહી શકો કે આપણા વાર્તાલાપનું વિષયવસ્તુ આપણી સામૂહિક બુદ્ધિની ઊપજ છે? આ વિષયવસ્તુનો સાચો સ્ત્રોત પણ આપણા આત્માના સત્વના આવિર્ભાવ તરીકે જોવો જોઈએ અને આપણે શું છીએ તે જોવું જોઈએ. | </p> |
| | | |
| <p> | **ડૉ કલામ :** તમારો પ્રશ્ન એવો જ જણાય છે કે બીજ કઈ રીતે વૃક્ષ બને છે? | </p> |
| <p> | **અરુણ :** ના, સર મારો પ્રશ્નો એક માનવના જીવનના આંતરિક કાર્ય અંગે છે. | </p> |
| <p> | **ડૉ કલામ :** એની ખોજ માટે પહેલાં તો આપણે એ યાદ રાખવાનું છે કે આપણું સત્વ એ કોઈ વિશિષ્ટ કે ચોક્કસ સ્થિતિ અથવા અવસ્થામાં નથી; કોઈ પાસેથી વારસામાં મળેલ ચીજ તરીકે તે આપણી પાસે નથી. એ માધ્યમ છે અને એવું કેન્દ્ર છે જ્યાં બધી જ સ્થિતિ અથવા અવસ્થાઓ ઊભી થાય છે. તમે જ્યારે એ સત્ય જાણો તે તમે શું છો, ત્યારે તમે ખરેખર મુક્ત બનો છો. | </p> |
| <p> | **અરુણ :** બુદ્ધ ધર્મનો ‘અનાત્મા’ નો વિચાર પણ આ જ કહે છે. | </p> |
| <p> | **ડૉ કલામ :** તમારી વાત સાચી છે. આ વાતને વધુ સમજી લઈએ. જ્યારે આપણા અનુભવનું આપણે પૃથક્કરણ કરીએ, ત્યારે આપણે  એ વાત નોંધીએ છીએ કે અનુભવ સ્વયં એક સતત, અવિરત પરિવર્તન અને રૂપાંતરણ પ્રક્રિયાની સ્થિતિમાં હોય છે. એક વિચાર પછી બીજો વિચાર આવે છે. એક લાગણી પસાર થઈ જાય છે અને તેની ખાલી પડેલી જગ્યા બીજી | |

| | | |
|---|---|---|
| | લાગણી લઈ લે છે. આંતરિક સંવેદના અને હલચલ કદી પણ સ્થિર નથી હોતાં. | |
| <p> | **અરુણ :** આપણા અંતરનો અવકાશ જાણે કોઈ મહાનગરના ઘણા રસ્તાઓ એકઠા થતા હોય તેવા સ્થળ જેવો છે. ત્યાંના રસ્તાઓ અને ગલીઓ પર ઘણી અવરજવર છે, વાહનો પણ વિવિધ પ્રકારનાં અને કદનાં છે. રસ્તાઓ તો ખીચોખીચ ભરાયેલા છે. | </p> |
| <p> | **ડૉ કલામ :** આ એક દ્રષ્ટાંત અને રૂપક છે. આપણો આંતરિક અવકાશ કેવળ વિષયવસ્તુઓમાં જ વ્યસ્ત નથી; તે અવિરત ગતિ, રૂપાંતર, વિકાસ, ઉત્ક્રાંતિ કે અપક્રાંતિ, વિસ્તાર કે સંકુચિતતા વગેરેમાં પણ વ્યસ્ત છે. | </p> |
| <p> | **અરુણ :** આ એક અત્યંત શક્તિશાળી ગતિશીલ પરિસ્થિતિ જણાય છે. | </p> |
| | | |
| <p> | **ડૉ કલામ :** કોઈ એક સમયે, ઓળખને લીધે વિચાર સ્વયં ઓળખ બને છે - એ ઓળખ વિચાર સર્જે છે - 'હું' અને 'તમે'. એક વાર આમ થાય, પછી, 'હું' તે ઓળખની વૃદ્ધિ કરતો રહે છે, તેને વિસ્તૃત બનાવે છે, તેને પોતાને સુરક્ષા અને સાતત્યનું પોષણ  એ 'હું' પોતાની ઓળખ તરીકે આપતો રહે છે. | </p> |
| <p> | **અરુણ :** કોઈ નક્કર ઉદાહરણ આપશો? | </p> |
| <p> | **ડૉ કલામ ::** રાષ્ટ્રપતિ ભવનમાં કેટલીક બિલાડીઓ પણ રહે છે, અને મુઘલ ગાર્ડનમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફર્યા કરે છે. અહીં ફેલાયેલાં પુષ્પો અને હોજોનાં સૌંદર્યથી અભિભૂત થવાને બદલે, તેઓ માત્ર કોઈ કબુતરનો શિકાર જ શોધતી ફરે છે. | </p> |
| <p> | **અરુણ :** એનો અર્થ એ થયો કે કોઈ આંતરિક સંરચના ઉપર જ આખી પ્રક્રિયાનો આધાર છે. પોતાની સમજ મુજબ જ તે વસ્તુને નીરખે છે. | </p> |
| <p> | **ડૉ કલામ :** જુઓ, સ્મૃતિ આધારિત વિચાર વડે ચેતનનું એક ઘન અસ્તિત્વ બંધાય છે, અને પછી એ જ દ્રષ્ટિકોણથી સમગ્ર જીવન વિતાવવામાં આવે છે. એ જ અસ્તિત્વમાંથી, જેણે પોતાની સીમાઓ અને હદો પોતે જ સર્જી હોય છે. | </p> |
| <p> | **અરુણ :** શું તમારા કહેવાનો અર્થ એ છે કે આપણી સમજ આપણે જ ઊભી કરી છે? | </p> |
| <p> | **ડૉ કલામ :** જે મન વડે સમજ ઘડાઈ છે, તેણે જ અંતરમાં નજર માંડીને જોવું જોઈએ કે તે સમજ કઈ રીતે ઊભી થઈ છે; કઈ રીતે મનમાં જન્મ થયો. | </p> |
| <p> | **અરુણ :** એવું કઈ રીતે થાય? હું મારા મનના આંતરમાં કઈ રીતે જઈ શકું? | </p> |
| <p> | **ડૉ કલામ :** તમારે તમારા હેતુઓ જોવાના છે, અને એ તપાસવાનું છે કે શું તમારા સંબંધોમાં કશું મનોવૈજ્ઞાનિક તત્વ છે કે નહિ. તમે એ તો જાણી જ લેશો કે કઈ રીતે દરેક કામ કે ક્રિયા કોઈ ને કોઈ મનોદૈહિક (સાયકોસોમેટિક) તત્વ છે વડે સંચાલિત થતી હોય છે. | </p> |
| | | |
| <p> | **અરુણ :** 'એ મેન થીંકેથ' માં જેમ્સ એલન લખે છે, 'તમે તમારા પર નિયંત્રણ રાખતી વાસના જેટલા નાના બનો; કે પછી તમારી પ્રમુખ મહત્વકાંક્ષા જેટલા મહાન.' | </p> |
| <p> | **ડૉ કલામ :** માનવી અંદર સારું અને ખરાબ મિશ્રિત જ હોય છે. તે અડધો દેવદૂત અને અડધો શયતાન હોય છે. મૂળ પડકાર એમાં છે કે તેમની વચ્ચે વિવેક જાળવવો. | </p> |
| <p> | **અરુણ :** એ આપણે કઈ રીતે કરી શકીએ? | </p> |

| | | |
|---|---|---|
| <p> | **ડૉ કલામ :** આપણે જેને ગુણો કહીએ છીએ - જેમ કે હિમંત, ધીર - ગંભીરતા, નિર્દોષતા, શાંતતા, નમ્રતા, સત્ય, સમતા, નિર્લેપતા - તે બધાં જ આવો વિવેક જાળવવા માટેનાં સાધનો છે. | </p> |
| <p> | **અરુણ :** એક વખત તમારામાં વિવેક આવે, પછી તમે સત્વને કઈ રીતે પ્રાપ્ત કરો? | </p> |
| <p> | **ડૉ કલામ :** તે તો હંમેશ તમારી સાથે જ છે. આપણા દરેકમાં 'સત્વ' તો તેનાં બધાં પાસાંઓ અને પરિમાણો સાથે અસ્તિત્વ ધરાવે જ છે, જે આપણી માનવતાનું સંભાવ્ય તત્વ જ છે. સમસ્યા એ છે કે આપણે તેને શોધતા નથી.પોતાનું આ અતંર્ગત મળેલું સંભાવ્ય તત્વ મેળવી લેવાની નિષ્ફળતા એ જ તો માનજીવનની શોકાંતિકા છે. | </p> |
| <p> | **અરુણ :** શું એ શક્ય છે કે અંતિમ સત્યને તેની બધી સંપૂર્ણતા સાથે કોઈ પ્રાપ્ત કરી શકે? | </p> |
| <p> | **ડૉ કલામ :** એ શક્યતા હંમેશાં ઉપસ્થિત જ છે.માનવ ઈતિહાસમાં ઘણાં એવાં ઉદાહરણો મળે છે જયારે સત્વનો આવિર્ભાવ માનવોના જીવનના માધ્યમ વડે થયો હોય. | </p> |
| | | |
| <p> | **અરુણ :** તમે 'કુરાલ' ના રચનાકારની વાત કરો છો. | </p> |
| <p> | **ડૉ કલામ :** હા, થિરૂપલ્લુવર ચરિત 'કુરાલ' એક વિખ્યાત ગ્રંથ છે,જેમાં સમગ્ર માનવજાતિ માટે નીતિના સિદ્ધાંતોનું નિરૂપણ થયું છે. તેને 'પોય્યમોઝી' કહે છે - એવો એક ગ્રંથ જે કદી અસત્ય કહેતો નથી. | </p> |
| <p> | **અરુણ** : તમે 'કુરાલ' વિશે મને વધુ વિગતે કહો. | </p> |
| <p> | **ડૉ કલામ** : હજાર વર્ષોથી પણ પહેલાંની રચના છે 'કુરાલ', જેમાં 1330 શ્લોકો અને 133 પ્રકરણો છે. દરેક પ્રકરણોમાં 10 શ્લોકો. ત્રણ મુખ્ય વિભાગોમાં પ્રકરણ વહેંચ્યા છે: ગુણ, સમૃદ્ધિ અને પ્રેમ. પ્રથમ વિભાગને 'અરથુપ્પલ' (ગુણ) તરીકે ઓળખાય છે. તેમાં માનવના વ્યક્તિ તરીકેનાં ગુણગાન છે. બીજો વિભાગ 'પોર્તુત્પલ' (સમૃદ્ધિ) 70 પ્રકરણો ધરાવે છે (700 શ્લોકો), જેમાં સમાજનાં મુળભુત તત્વ આવરી લેવાયાં છે. ત્રીજો અને છેલ્લો વિભાગ છે. 'કામાથ્થુપલ' અથવા 'ઈન્બાથુપ્પલ' (પ્રેમ), જેમાં આત્માના વિજયની વાત થઈ છે. | </p> |
| <p> | **અરુણ :** અને એ જ તો તમે ગુરુ નાનક દેવમાં જુઓ છો. | </p> |
| | | |
| <p> | **ડૉ કલામ :** હા, ગુરુ નાનક દેવને 27 વર્ષની વયે જ આત્મસાક્ષાત્કાર થઈ ચૂક્યો હતો, અને ત્યારથી તેમણે પોતાનું જીવનકાર્ય શરુ કર્યું. આત્મ-સાક્ષાત્કાર પછી તેમનું પ્રથમ વાક્ય હતું - 'કોઈ હિંદુ નથી, ન કોઈ મુસલમાન.' આ પ્રકારની જાહેરાત અત્યંત મહત્વની છે. તે માનવમાત્રની બંધુતા અને એક પ્રભુનું પિતૃત્વ જાહેર કરે છે. એટલું જ નહિ, બલ્કે તેઓને માનવજાતિ અને તેની નિયતિ માટે કેટલી લાગણી હતી તે પણ દર્શાવે છે. એમના આધ્યાત્મિક સંદેશમાં આ અવિભાજ્ય આધ્યાત્મિક-નૈતિક સંકલન છે. | </p> |
| <p> | **અરુણ :** ગુરુ નાનક દેવે ઘણાં સ્થળોનો પ્રવાસ કર્યો. | </p> |
| <p> | **ડૉ કલામ :** એ સમયે પ્રવાસ કરવામાં ઘણી મુશ્કેલીઓ હતી છતાં, ગુરુ નાનક દેવે પાંચ લાંબા પ્રવાસો કર્યા જે ભારતવર્ષમાં જ નહિ પરંતુ અરેબિયા સુધી વિસ્તર્યા હતા. હિન્દુ તેમ જ મુસલમાનોના જાણીતા ધાર્મિક સ્થળોએ તેઓ ગયા. પોતાના ઉપદેશ વડે તેમણે કર્મકાંડી અને સાધનાતપસ્યાના રિવાજોની વ્યર્થતા અને અસંગતતાઓને સમજાવી. | </p> |

| | | |
|---|---|---|
| <p> | **અરુણ :** ગુરુનાનકે એટલું જ જાહેર ન કર્યું કે માનવોની સમાનતા દરેક ક્ષેત્રે છે, પરંતુ પોતાની વ્યવસ્થામાં તેમણે ગૃહસ્થ જીવનને જ ધાર્મિક પ્રવૃત્તિનું કેન્દ્ર પણ બનાવ્યું. જીવન એક બોજ નહિ પરંતુ વિશિષ્ટાધિકાર હતું. તેવો તેમનો મત હતો. ગુરુ નાનકે ધાર્મિક તાલીમ અને અભિવ્યક્તિનું માધ્યમ સામાન્ય જીવનને જ બનાવ્યું. | </p> |
| <p> | **ડૉ કલામ :** શું તમે એ નોંધ્યું કે જીવનના છેલ્લાં 18 વર્ષો દરમ્યાન ગુરુ નાનક એક ખેડુતનું કામ કરતા રહ્યા હતા? સમાજની નૈતિક તેમજ ઉત્પાદક જિંદગી સાથેનું આ તેમનું સંપુર્ણ એકત્વ બતાવે છે. મારે મન તેમનું જીવન એક નમુનારૂપ છે. | </p> |
| | | |
| <p> | **અરુણ :** એ તો સ્પષ્ટ જ છે. પોતાના હકો માટે લડવાને માટે જગતના બીજા દેશોમાં પણ પ્રેરણા આપતો પોતાનો દાખલો ગાંધીજીએ બેસાડ્યો. | </p> |
| <p> | **ડૉ કલામ :** એવાં ઉદાહરણો છે દક્ષિણ આફ્રિકામાં મૂળ વતનીઓ (બ્લેક)ની લડત અને ઉત્તર અમેરિકામાં તેમ જ દક્ષિણ અમેરિકામાં આમેર ઈન્ડિયન્સની લડત. બીજા ઘણા લોકોની જેમ આઈન્સ્ટાઈને પણ ગાંધીજીની સિદ્ધિની પ્રસંશા કરી છે; માર્ટિન લ્યુથર કિંગ (જુનિયર); દલાઈ લામા અને જગતભરની શાંતિ ચળવળોએ ગાંધીજી ચીંધ્યો રાહ અપનાવ્યો છે. એક રાષ્ટ્ર મેળવવા માટે સર્વદેશીયતાને છોડનારા ગાંધી, તેઓના મૃત્યુ પછીના સમયમાં એક વિશ્ર્વનાગરિક બની ચૂક્યા છે. મને ખાસ કરીને આઈન્સ્ટાઈને ગાંધીજી માટે વાપરેલા શબ્દો યાદ આવે છે.<br>‘તમે તમારા કાર્યો થઈ એ દર્શાવ્યું છે કે હિસાંનો આશરો લીધા વિના પણ એ લોકોને જીતી શકાય છે, જેમણે હિંસાની પદ્ધતિને હજી નકારી ન હોય.’ | </p> |
| <p> | **અરુણ :** પણ બાબાસાહેબ આંબેડકર ગાંધીજીથી સહમત નહોતા બન્યા? | </p> |
| <p> | **ડૉ કલામ :** ‘સહમત નહોતા બન્યા’ જેવો શબ્દપ્રયોગ કદાચ યોગ્ય નથી. બાબાસાહેબ તેમ જ ગાંધીજી - બન્ને સર્વસામાન્ય જનતાના જ લોકો હતા. પોતાના વતનના સાચા સપુતો હતા, અને નેતૃત્વની પરિભાષામાં સાચા નેતાઓ હતા. તેમની પ્રતિભા, ઉત્કૃષ્ટતા અને સદગુણોને કારણે બન્ને નવભારતના જાણે પ્રતિનિધિઓ જ હતા. જ્યારે સૂર્ય ઊગે ત્યારે જ પૂર્વ દિશા અને પશ્ચિમ દિશાની સ્પષ્ટતા થઈ શકે છે. | </p> |
| <p> | **અરુણ :** આપણે ગાંધીજીની મહાનતાને સમજવાનો થોડો પ્રયત્ન કરીએ ? મહાનતા તેમના કયા સદગુણોમાં રહેલી? | </p> |
| <p> | **ડૉ કલામ :** સ્વતંત્રતાની માગણીના સ્વરૂપમાં મૂળભૂત પરિવર્તન કરીને ગાંધીજીએ જ તેને જનતાની રાષ્ટ્રિય આંદોલનની સ્થિતિ બનાવી. વળી, તેમાં સમાજનાં દરેક વર્ગને સામ્રાજ્યવાદી પરિબળોના વિરોધ માટે પ્રેરણા મળી. જોકે, જે સ્વંતત્ર ભારત અસ્તિત્વમાં આવ્યું તે વિભાજિત હતું, ઔદ્યોગિકીકરણ અને આધુનિકતાથી અંજાઈ ગયેલું હતું, અને તેવું ભારત એમનાં સ્વપ્નોનું ભારત નહોતું. | </p> |
| | | |
| <p> | **અરુણ :** મને થોડુ વધુ વિગતે કહો. | </p> |
| <p> | **ડૉ કલામ :** મારું બાળપણ ઠીક ઠીક પ્રમાણમાં સગવડભર્યું હતું. એટલે કે અમારી પાસે મૂળભૂત | </p> |

| | | |
|---|---|---|
| | જરૂરિયાતો પુરી કરવાનાં સાધનો હતાં. જેમ કે ઘર, ખોરાક, કપડાં,શિક્ષણ અને સૌથી વધુ તો પ્રેમભર્યું વાતાવરણ, પરંતુ બીજા વિશ્વયુદ્ધ સમયે ઊભી થયેલ અછતોએ પડકાર ફેંક્યો અને અમે સૌ કામ તરફ વળ્યાં. સવારે હું વહેલો ઊઠું ત્યારે માતાપિતાને સવારની નમાજ, ફજ્ર પઢતાં જોતો. સમુદ્રના ભૂ-જળમાંથી સૂર્ય ઉદય પામે તે પહેલાં જ મારા પિતા નાળિયેરની વાડીએ જતા જે અમારા ઘરથી ચાર માઈલ દૂર હતી. મારા સંત જેવા શિક્ષકને ત્યાં ઘણા માઈલો કાપીને હું જતો. ત્યાંથી હું અરેબિક શાળામાં રેલવે સ્ટેશનનો રેતાળ રસ્તો ચઢીને જતો. | |
| <p> | **અરુણ :** પણ,તો તમારો સમાચારપત્રનો ધંધો ક્યારે કરતા? | </p> |
| <p> | **ડૉ કલામ :** બે વખતની શાળાઓ ભર્યા પછી સ્ટેશન પરથી હું સમાચારપત્રો લઈ લેતો અને મારા પિત્રાઈ માટે ઘેર ઘેર જઈને તે આપતો.તેમાં મને એક આનો મળતો. | </p> |
| <p> | **અરુણ :** એ પૈસાનું તમે શું કરતા? | </p> |
| <p> | **ડૉ કલામ :** બહુ જ ગર્વથી એ સિક્કો હું મારી પાસે લઈ જતો અને તેને સોંપતો. મારે તો એ પૈસાની જરૂર હતી નહિ! પણ જ્યારે મારે હાઈસ્કુલના ભણતર માટે રામનાથપુરમ જવાનું થયું, ત્યારે મારી માએ એ બધા સિક્કાઓ બહાર કાઢ્યા. રકમ હવે સારી એવી થઈ હતી. મારી આંખે આંસુ આવ્યાં, પણ ત્યારે તેમણે મારા વાળ પસવાર્યા અને શાંતિથી કહ્યું, 'બેટા, માતાઓ માત્ર આપે જ છે.' | </p> |
| | | |
| <p> | **ડૉ કલામ :** તમારાં માતા વિષે મને કહો. | </p> |
| <p> | **અરુણ :** તેઓ શિક્ષિકા થવાનું પ્રશિક્ષણ લેતાં હતાં, અને ચાર બાળકો અને મારાં દાદીની સંભાળ પણ લેતાં હતાં, અને વળી મારા પિતાની આવકમાં ઉમેરો કરવા માટે કામ કરતાં હતાં. બહુ મોટો સંઘર્ષ હતો. તેમણે જ મને પાંખો આપી. | </p> |
| <p> | **ડૉ કલામ :** જેમ તમારાં માતાએ આપ્યું. મારાં માતાએ પણ આપ્યું છે. બધી માતાઓ આપતી જ રહેલી હોય છે. મારો આખો દિવસ શાળામાં જતો. સાંજે મારા પિત્રાઈને તેની દુકાને મદદ કરતો અને ઘેર મોડેથી પહોંચતો.મારી મા તે વખતે મારે માટેનું રાતનું ખાણું તૈયાર રાખતી. સામાન્ય રીતે અમે બન્ને ઘરમાં છેલ્લા જમનારાં હોઈએ. રસોડાની જમીન પર બેસીને તે મારી સામે કેળનું પાન મૂકે, પછી તેના પર ગરમ ભાત, તાજી કોપરાની ચટણી, ઘેર બનાવેલાં તીખાં અથાણાં અને સાંભાર પીરસે.<br>પછી હું રાત્રે ફાનસના પ્રકાશમાં વાંચન કરતો. હંમેશાં વાસણો સાફ કરી, કચરો વાળી અને બીજા દિવસ માટેના ભોજનની તૈયારી કરી લીધા પછી જ મારી માતા રાત્રે ઓરડામાં જતી. ત્યાં મારા પિતાના પગ પાણીથી ધોઈને પછી તેમને સૂવડાવતાં. | </p> |
| <p> | **અરુણ :** 'અગનપંખ'માં તમારી કવિતા છે 'મારી મા.' તેમાં તમે તમારી માંદગીની વાત કહી છે. તે કયારની વાત છે? | </p> |
| <p> | **ડૉ કલામ :** હું દસેક વર્ષનો હોઈશ જ્યારે મને એક વાર સખત તાવ ચઢ્યો. બહુ દિવસો સુધી ન ઊતર્યો અને મને પીડા પણ ખુબ હતી. એક દેવદુતની જેમ મા મારી આસપાસ ફરતી રહેતી, પોતાનાં વહાલનાં 'પીંછાં' મારા પર ફેરવતી રહેતી. તેનો નરમ અને કાળજીભર્યો સ્પર્શ જ મારા શરીરને ટાઢક પહોંચાડતો ગયો અને હું ઝડપથી સાજો થઈ ગયો. | </p> |

| | | |
|---|---|---|
| | | |
| <p> | **અરુણ :** માંડેલાએ કહ્યું, "આપણે એ વાતને યાદ રાખીએ કે એક એવા રક્તપાતી સંઘર્ષમાંથી બહાર નીકળી ગયા છીએ જેને પરિણામે ધરતીનો  આ અંશ કદાચ વેરાન બની ગયો હોત અને તેનાં નગરોમાં જાણે લોહીની નદીઓ વહેતી હોત. આ દુઃખદ પરિણામ ન આવે તે ખાતર આપણે આપણાં જાતિ, ધર્મ, સંસ્કૃતિ કે અન્ય કોઈ પણ પ્રકારના ભેદભાવોને અવગણીને પણ એકમેકની માનવ-ગૌરવ પ્રત્યે પોતાની જવાબદારી સ્વીકારવાનું ઠરાવ્યું. આ સાહસમાં પણ, ચાલો, આપણે માનવ-ગૌરવ પ્રત્યેની આપણી ફરજ અને સર્વસમાનતાના સિદ્ધાંત પ્રત્યે સાચી જવાબદારી નિભાવીએ" | </p> |
| <p> | **ડૉ કલામ :** માનવના અન્ય માનવ પ્રત્યેના અમાનુષી વ્યવહાર ઉપર થતા માનવતાના વિજયના પ્રતીક સમાન જ જાણે માંડેલાનું જીવન છે. તેઓ સંઘર્ષને મૂર્તિમંત કરે છે. એ વાતે કોઈ શંકા રહે : અમુક આદર્શોને ખાતર માંડેલા જેવી વ્યક્તિઓ જાન ન્યોછાવર કરવા પણ તત્પર રહે છે. એટલું જ નહિ, તે આદર્શોને અમલમાં મૂકવા માટે તેઓ આથી પણ વધુ દ્રઢનિશ્ચયી હોય છે. | </p> |
| <p> | **અરુણ :** 1993માં નેલ્સન માંડેલાને નોબેલ શાંતિ પુરસ્કાર દક્ષિણ આફ્રિકાના એ બધા લોકોના પ્રતીક તરીકે એનાયત થયો, જે જેમણે પોતાના વતનમાં શાંતિ લાવવા માટે અનેક દુઃખો ભોગવ્યાં અને ઘણા ત્યાગ પણ કર્યા. | </p> |
| <p> | **ડૉ કલામ :** તેમણે પોતાનું વ્યક્તિગત જીવન અને યૌવન પોતાના વતનના લોકો પાછળ ખર્ચી નાખ્યાં. એક મહાન ધ્યેયને પ્રાપ્ત કરવા માટે તેઓ કેટલું મોટું ઉદાહરણ પૂરું પાડે છે! | </p> |
| <p> | **અરુણ :** તેમાં શો સંદેશ રહેલો છે? | </p> |
| <p> | **ડૉ કલામ :** માંડેલાએ  એ સિદ્ધ કર્યું છે કે જો આપણે આસપાસની સાર્વત્રિક વેદના વિશે આપણાં મન અને હૃદયને બંધ રાખવાનું ચાલુ રાખીએ તો આપણે કેવળ આપણી જ એક અવિકસિત આવૃત્તિ જ બનીને રહી જઈશું. માંડેલાએ માત્ર ગ્લાસ ન તોડ્યો, તેઓ તો એ નદીમાં જઈને નહાયા પણ ખરા. | </p> |
| | | |
| <p> | **અરુણ :** સર, હું જરા કડક વાત પર આવું | </p> |
| <p> | **ડૉ કલામ :** એ કઈ વળી ? | </p> |
| <p> | **અરુણ :** 'માર્કિંગ્સ નામના ડાગ હેમરશિલ્ડના પુસ્તકના આમુખમાં ડબલ્યૂ. એચ. ઓડેન લખે છે કે મહાનતાને થોડા અતંરે જોવી સરળ છે - એવી કોઈ વ્યક્તિ જે થોડાં વર્ષો પહેલાં, કે સદીઓ પહેલાં થઈ હોય તેવી વિશે કડક અને કઠિન વાત એ છે કે તમારા પોતાના જ સમયમાં તમારી આસપાસમાંથી મહાનતા શોધી કાઢવી તે. શું તમે એવી કોઈ જીવંત વ્યક્તિ અંગે ઉલ્લેખ કરવા માંગશો જે આવા માર્ગદર્શક હોય? | </p> |
| <p> | **ડૉ કલામ :** હું એમ જરૂર કરીશ, પરંતુ તે પહેલાં તમે આવા માર્ગદર્શકોના કેટલાંક પાસાંઓ વિશે સમજી લ્યો તો મને ગમે. | </p> |
| <p> | **અરુણ :** સર! | </p> |
| <p> | **ડૉ કલામ :** પ્રગતિના માર્ગદર્શક બની શકે તેવા આત્માઓ ખરેખર સૌથી વધુ ભાગ્યશાળી છે. | </p> |

| | | |
|---|---|---|
| | તેમણે જે સિદ્ધ કરવાનું છે તે જ કામ તેમને પણ સૌથી વધુ પ્રિય કામ છે.તેઓ એ બાબતે દ્રઢ રીતે માને છે કે તેઓ સારૂં કામ કરી રહ્યા છે અને તેઓનું એ કામ સમયની કસોટીમાં સફળ નીવડશે.તેમના જીવનકાળ દરમ્યાન તેઓની વિલક્ષણ પ્રતિભાની ઓળખ અથવા કદર આ જગત કરે કે કરી ન શકે, તો પણ તેમને એ વાતનો સંતોષ અવશ્ય રહે છે કે પોતાનું કામ તેમણે ખૂબ સારી રીતે પાર પાડ્યું છે. | |
| <p> | **અરુણ :** અચ્છા, તો આવનાર પેઢીઓ કાર્યોને વખાણે એવી કોઈ જરૂર નથી.એક રીતે તેમનું જીવન જ તેમને માટે  પૂરતી કદર છે, પૂરતાં ઈનામ-અકરામ છે. | </p> |
| <p> | **ડૉ કલામ :** પોતાના આધ્યાત્મિક કામમાં તેઓ એટલા ડૂબેલા રહે છે કે જગત જ તેમની વાંસે દોડે છે. તેઓ અહીં જ 'સ્વર્ગના રાજ'માં વસે છે. જેમ વર્ગીસ કુરિયન આણંદમાં રહેતા હતા. | </p> |
| | | |
| <p> | **અરુણ :** હવે હું જોઈ શકું છું કે એક માનવજીવન માટે સત્વ જ તેના કેન્દ્રમાં છે. સમ્રાટ અશોકથી માંડીને વર્ગીસ કુરિયન અને કાકર્લા સુબ્બારાવ સુધીનામાં સત્વનું સ્પષ્ટ પ્રગટીકરણ છે - જે ત્યાં હતું જ અને જનીનોમાં જ રહેલું હતું. પણ પ્રશ્ન એ છે કે સત્વનું પ્રગટીકરણ કરાવનાર તત્વ કયું? | </p> |
| <p> | **ડૉ કલામ :** તમારા વિધાનમાં હું થોડો ફેરફાર કરવા માગું છું. માનવ જીવનમાં સત્વ કેન્દ્રમાં છે, 'જીન્સ'માં જ રહેલું હતું, એમ કહેવાને બદલે એમ સમજાવવું વધુ સારૂં રહેશે કે માનવની પ્રતિભા મુક્તિ અને વિકાસ તરફની યાત્રાની પ્રક્રિયામાં સત્વ કેન્દ્રમાં છે; જનીનોના વિશિષ્ટ સરવાળા વડે વિશિષ્ટ કાર્યક્ષમતાઓ એ સંભાવનાઓ ઊભી થાય છે. | </p> |
| <p> | **અરુણ :** પ્રક્રિયા અને વિકાસ એ ઘણા સ્પષ્ટ અને સીધા શબ્દો છે. મને ખુશી છે કે છેવટે હું એવા સ્થાને પહોંચ્યો છું જે મારૂં જાણીતું છે. મુક્તિ વિશે થોડું વધારે કહો. | </p> |
| <p> | **ડૉ કલામ :** મુક્તિ (લિબરેશન)નો અર્થ હું એમ કરું છું કે પહેલાં તે અભાનનો અંધકાર દૂર કરવો  અને પછી સત્વને વળગેલાં કલ્પનાઓ અને અભિપ્રાયોનાં જાળાંઓથી તેને છોડાવવું. એક મુક્ત માનવ એ છે કે જે પોતાના અસ્તિત્વમાં નિહિત દબાણો (કમ્પ્લઝન્સ)ને જાણી લે છે અને પ્રત્યેક દિવસના અનુભવોને અવલોકી, તેમાંથી શીખીને તેને અંદરથી આત્મસાત કરવાનો પ્રયત્ન કરે છે અને એ અનુભવોથી પોતાને ગમે તે દિશામાં દોરવાઈ જવા દેતો નથી. | </p> |
| <p> | **અરુણ :** વાહ, આ ઘણું સ્પષ્ટ થયું. તો શું આ જ વાતને તમે એક માનવ જીવનનું ધ્યેય કહેશો,જેને માટે તમે પ્રતિભા જેવો શબ્દપ્રયોગ કરો છો? | </p> |
| | | |
| <p> | **ડૉ કલામ :** તમારી હૉસ્પિટલમાં તમે માનસશાસ્ત્રીઓ સાથે કામ કરી જ છો. આ અંગે તેઓ શું કહે છે? | </p> |
| <p> | **અરુણ :** મારા એક માનસશાસ્ત્રી મિત્ર, ડૉ. બી. આનંદને મેં કહ્યું કે તેઓ મને માનસના કામકાજની મૂળભૂત ગતિશીલતા (ડાયનેમિક્સ) માટે રોજબરોજની જિંદગીમાંથી કોઈ ઉદાહરણ આપે. તેમણે મને શક્તિ સાથે સંકળાયેલા મુદ્દાઓનું ઉદાહરણ આપ્યું. તેમણે કહ્યું કે ઉદાસીનતા અને નબળાઈની છટા તરીકે ક્રોધ અને આક્રમકતા અંગે નિર્ણય એ વણઉકલ્યા શક્તિના મુદ્દા છે. | </p> |

| | | |
|---|---|---|
| <p> | **ડૉ કલામ :** એ કઈ રીતે? | </p> |
| <p> | **અરુણ :** માતાપિતાની વધુ મહત્વની જરૂરિયાતને માટે તેમના ક્રોધની સામે જે બાળક ઉદાસીન રહેવાનું હોય, તે બાળકે સ્વયં પુખ્ત થાય ત્યારે તે જ ભાત પુનઃપાડવી જરૂરી બનતી નથી. આ ભાવનાની ઊર્જાને પરખ્યા બાદ, તે શક્તિ સાથેનું તેનું જોડાણ છતું કરે છે. ક્રોધ કરવાથી આ મૂળભૂત શક્તિની સમજ અસ્પષ્ટ થઈ જાય છે. | </p> |
| <p> | **ડૉ કલામ :** તમારા કહેવાનો અર્થ એ છે કે શક્તિની ગુણવત્તા,ક્રોધની લાગણીમાં અટવાઈ જાય છે. | </p> |
| <p> | **અરુણ :** હા!, સર. આત્મા સ્વયંની શક્તિની ખીલવણી કરવામાં ભયભીત રહે છે, કે રખેને તેને પોતાના માતા-પિતાનો ક્રોધ સહન કરવો પડે. માટે તે પોતાની શક્તિને રૂંધે છે. અને ક્રોધની ભાવનામાં અસ્પષ્ટતા નોતરે છે. | </p> |
| | | |
| <p> | **ડૉ કલામ :** ચાલો, આમાં હું હવે એક રૂપક વાપરું. એક ઘરમાં અરીસાની જરૂર છે, અને દેશમાં ટેલિવિઝનની જેથી માનવજાતિ વસ્તુઓ જોઈ શકે. એ જ રીતે માનવના શરીરમાં, તેનું માનસિક હ્રદય, એક વિશિષ્ટ અરીસાની જેમ કદાચ તે માનવને પોતાની પ્રકૃતિ કેવી છે તે જાણવામાં, જોવામાં મદદરૂપ થાય અને બધી ચીજોના ઉપયોગની પદ્ધતિઓમાં પણ સહાય કરે.<br>જેમ એક અરીસો ખૂબસૂરતી કે બદસૂરતીમાં ભેદભાવ નથી કરતો, 'કલ્બ' પણ દરેકદરેકમાં અને દરેક ઠેકાણે સારપ જ જુએ છે. તે એ વાત પર ભાર આપે છે કે બધું સારું જ છે અને 'સારું' ન હોય તે જોવાનું નકારે છે.આ ગુણ તે પોતાનામાં ઊભો કરવા પ્રેરે છે એટલું જ નહિ, અન્ય ચીજોમાં પણ તે આ પ્રેરણા આપે છે. | </p> |
| <p> | **અરુણ :** તો આપણે દુઃખી કેમ છીએ? | </p> |
| <p> | **ડૉ કલામ :** જ્યારે 'કલ્બ'માં દિવ્ય જ્યોત ધૂંધળી બને છે, તેની મૂળ અસર પણ ઓછી થાય છે, અને કોઈવાર તદન અસ્પષ્ટ કે કદાચ બંધ પણ થઈ જાય છે. એને લીધે ઘણી લાગણીઓ અને ભાવનાઓ જે લાક્ષણિક રીતે માનવીય છે, તે ઊગી નીકળે છે. હવે આપણી પાસે હતોત્સાહ, વ્યર્થતા, ક્રોધ, આક્રમકતા, ધિક્કાર, શોક, પીડા, ભય, વંચિતતા, ખોટ, ઈર્ષા, અદેખાઈ, અભિમાન અને બીજી ઘણી પરિચિત તકલીફ આપતી માનવહ્રદયની લાગણીઓ વધે છે. | </p> |
| <p> | **અરુણ :** સર, ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે ફણ મેં તમને સ્વસ્થચિત્ત રહેલા નિહાળ્યા છે. તમે આટલા કાળજી લેનારા છો તેમછતાં તકલીફ આપતી પરિસ્થિતિ તમને વ્યથિત નથી કરતી. તમે સામાન્ય સ્થિતિમાં જ રહો છો. | </p> |
| | | |
| <p> | **અરુણ :** શું આ ક્ષણની વાસ્તવિકતા એ નથી કે ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ અરુણ તિવારી સાથે વાતચીત કરી રહ્યા છે? | </p> |
| <p> | **ડૉ કલામ :** એ એક ભ્રમ છે, અને તેમાં અરુણ તિવારી અને ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ પણ છે. વાસ્તવિકતા એ છે કે આ ક્ષણે આપણે વિચારોની આપ-લે કરી રહ્યા છીએ.આપણા થકી - તમારા અને મારા થકી સત્ત્વની ખીલવણી થઈ રહી છે ; વાસ્તવિકતા તે છે. | </p> |

| | | |
|---|---|---|
| <p> | **અરુણ :** મને સત્ય સમજાતુ લાગે છે. | </p> |
| <p> | **ડૉ કલામ :** સત્ય અન્ય કંઈ નહિ પરંતુ ભ્રમનું નિરસન જ છે. આપણા આરામદેય ઘરોમાં અને કામકાજનાં સ્થળોથી,આપણને ગામડાંનાં અને શહેરી ઝૂંપડપટ્ટીનાં દારૂણ દુઃખો ઘણાં દૂર, અમૂર્ત અને અવાસ્તવિક જણાય છે તેથી આપણે એમ કદાચ કલ્પી પણ લઈએ છીએ કે એ બધા સાથે આપણે કશી જ નિસ્બત નથી. | </p> |
| <p> | **અરુણ :** આના પરથી મને જ્યોફ્રી હિલની109 એક કવિતા યાદ આવે છે,જેમાં નૈતિક કલ્પનાની અનુપસ્થિતિ અંગે ગમગીન થતાં તે કહે છે :<br>અનિષ્ટ એટલે નહીં સારપનો અભાવ<br>અનિષ્ટ એક છે એવી ચટ્ટાન<br>જેના પર માણસ વારે વારે પટકાય છે ;<br>અનિષ્ટ છે જીવલેણ સાંકળો, છે<br>આળસ, હિંસા અને પીડાની<br>બાંધે છે અનંત કાળથી ગંભીરતાથી.<br>આપણી આજનું દર્દ. | </p> |
| <p> | **ડૉ કલામ :** દરેક વસ્તુ એક સર્જન-વિનાશની અવિરત પ્રક્રિયામાં અસ્તિત્વ ધરાવે છે. આ આપ-લે પછી આપણે દરેક જુદા હોઈશું, આપણી વ્યક્તિગત ચેતના વિસ્તૃત બની હશે અને અજ્ઞાન દૂર થયું હશેઆ સમગ્ર અસ્તિત્વ સતત પ્રગટ થતું રહે છે, જ્યાં હમેશાં એક નવું અસ્તિત્વ હોય છે. જયારે હું જુદે જુદે ઠેકાણે જાઉં છું, બાળકો સાથે વાતચીત કરું છું, તેમના પ્રશ્નોના જવાબો આપું છું ત્યારે શું થાય છે? | </p> |
| <pic> | | </pic> |

</body></text>
</Doc>